વર્ષ : ૩ અંક : ૧ જૂન : ૨૦૨૦

# પલાશ



**શ્રી ઝવેરચંદ મેઘાણી**

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

**સુરેન્દ્રનગર**


# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરેન્દ્રનગરની કેટલીક તસ્વીરો




સુરેન્દ્રનગર જિલ્લાના
વીરાધિવીર શહીદ જવાનોનું સ્મારક
“અમર જવાન”



પાંચાળપુત્ર,
પહાડનું બાળક
રાષ્ટ્રીય શાયર
શ્રી ઝવેરચંદ મેઘાણીની
પ્રતિમા



સુરેન્દ્રનગર જિલ્લાનો
સ્થાનિક
સાધન–સામગ્રીનો
સ્રોત

વર્ષ : ૩

# પલાશ

અંક : ૧

અધ્યક્ષ : ડૉ. સી. ટી. ટુંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર ડી. પિતલીયા

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઇ યુ. દંગી
ડૉ. મનીષભાઇ એન. પંડ્યા
શ્રી જયેન્દ્રભાઇ જે. જોશી
શ્રી નારાયણભાઇ કે. રાવળ
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
શ્રી પીયૂષભાઇ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઇ કે. ગોસાઇ

**સંપાદક મંડળ**

શ્રી ચંદ્રકાન્તભાઇ વ્યાસ
ડૉ. મહેશભાઇ રાવલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી રામભાઇ પાંચાણી
શ્રી અશોકભાઇ વાઘેલા
શ્રી હિતેશભાઇ ઠાકર
શ્રી જાતુશભાઇ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
શ્રી નીતિનભાઇ પંચાલ
શ્રી ધનજીભાઇ વાલેરા
શ્રી મુકેશભાઇ બદ્રેશિયા

## પલાશત્વ

સારસ્વત ભાઈઓ-બહેનો,

ધોમધખતાં તાપમાં આપે કેસૂડાં (ખાખરો-પલાશ) ને ખીલતાં જોયાં છે. આ પલાશનું વૃક્ષ આપણાં પ્રદેશમાં ધ્રાંગધ્રા - મુળી - લખતર રોડ ઉપર જોવાં મળે છે. ધાણી ફૂટી જાય તેવો તડકો હોય છે ત્યારે કેસૂડો પૂરબહાર ખીલે છે. જે તેનું સજીવત્વ અને કર્તવ્ય છે.

પલાશ મેગેઝિન વર્ષો પહેલાં દર મહિને પ્રગટ કરતા હતા. જે સળંગ બે વર્ષ સુધી ચાલ્યું. શિક્ષકો - આચાર્યોની ઇચ્છા હોઇ આપણે આપણાં જિલ્લાનું મુખપત્ર ત્રિમાસિક ‘પલાશ’ પ્રગટ કરી રહ્યા છીએ.

પલાશ મુખપત્રમાં આપણે આપણાં જિલ્લાની શ્રેષ્ઠ શાળાઓ, શ્રેષ્ઠ શિક્ષકો - આચાર્યો, સ્થાનિક સાધન-સામગ્રીના સ્રોતને પ્રગટ કરતી બાબતો, જિલ્લાની ઐતિહાસિક અને વિરાસતને લગતી બાબતો, શૈક્ષણિક પુસ્તક પરિચય, સંશોધન, નવાચાર (Innovation), શિક્ષકત્વ-ગુરૂત્વને સ્પર્શ કરતાં લેખો, શૈક્ષણિક પરિપત્રો, દિન વિશેષ, ભાવ-પ્રતિભાવને ‘પલાશ’માં સ્થાન આપીશું.

વર્ગ એ જ સ્વર્ગ બની રહે, જિલ્લામાં શૈક્ષણિક ગુણવત્તામાં વધારો થાય તેમજ અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાને રાખીને અધ્યાપન કાર્ય થાય તેમાં આ મેગેઝિન પૂરક બની રહેશે તેવી શ્રધ્ધા છે. આપ સૌને પલાશમાં સુચિત વિભાગોને ધ્યાને રાખી લેખ મોકલવાં માટે વિનંતી કરૂ છું. આપ સૌના હૃદયમાં વિરાજમાન ગુરૂત્વને વંદન કરૂં છું.

આષાઢ સુદ વ્યાસપૂર્ણિમા (ગુરૂપૂર્ણિમા)ના આપ સૌને પ્રણામ... તસ્મૈ ગુરુવે નમઃ ।

**: પત્રવ્યવહાર – સંપર્ક :**

ફોન નં. (૦૨૭૫૨) : ૨૨૩ ૧૭૦
મોબાઇલ નં. : ૭૫૬૭૮ ૬૫૪૬૭
ઇ-મેઇલ : palash.dietsnr@gmail.com
બ્લોગ : dietsurendranagar.blogspot.com
વેબસાઇટ : www.dietsnr.org

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરૂકૂળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| ૧ | સાહેબ... મારે ઘરે આવશો ? | વિનયગિરિ ગોસાઇ | ૩ |
| ૨ | અધ્યયન નિષ્પત્તિ વિશે અધ્યયન | સંજ્ઞા આચાર્ય | ૫ |
| ૩ | સુરેન્દ્રનગર જિલ્લાના ધોરણ ચાર, છ અને સાતના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ (GAS-2) | ડૉ. રાજેનકુમાર ડી. પિતલીયા | ૮ |
| ૪ | જીવંત શિક્ષક | અશોકભાઇ એચ. વાઘેલા | ૧૧ |
| ૫ | થાનગઢ - ચિનાઇ માટીનો ઉદ્યોગ | ધનજીભાઇ એમ. વાલેરા | ૧૪ |
| ૬ | અંગદનો પગ | નીતિનભાઇ પંચાલ | ૧૭ |


## : લેખકો માટે :

- પલાશ માટેના લેખ શ્રુતિ ફોન્ટ, સાઇઝ ૧૨ મા કમ્પ્યુટરરાઇઝડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ–મેઇલ એડ્રેસ : palash.dietsnr@gmail.com પર મોકલવા અને ભાવ–પ્રતિભાવો પણ ઉપરના ઇ–મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોશ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઇએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહીં.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. તે અંગેનો વિશેષ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે – તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતા વિચાર – વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહિં.

# સાહેબ... મારા ઘરે આવશો?

**- વિનયગિરિ ગોસાઇ**

ઉપરના શબ્દો સાંભળ્યાંને, આજકાલ કરતાં ૩૦ વર્ષો થયા છે. એ પછી તો ઘણા બધા શબ્દો કાને સાંભળ્યા છે. ઘણા વાક્યો દિમાગમાં પુરાયા હશે. આખે આખા ફકરા મગજમાં ફર્યા છે. પણ ઉપરના શબ્દો ‘‘મારા ઘરે આવશો?’’ એક નાના બાળકના હૃદયમાંથી ઉઠેલા આમંત્રણના શબ્દો હજી ભૂલી શકાયા નથી. એ પછી તો કેટલાય લોકોએ પોતાના કામ કઢાવવા માટે કે સારા થવા માટે જાતજાતના શબ્દો કહ્યા છે, પરંતુ ઉપરનાં શબ્દોએ જે અસર કરી છે... તેવી ભાગ્યેજ શબ્દોથી થઇ છે.

શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે જ્યારે હૃદયનો એક સેતુ રચાય છે, ત્યારે હૃદયતીર્થ સર્જાય છે. જેમાં વિદ્યાર્થીઓ આખું જીવન સમૃદ્ધ બનવાની દિશામાં આગળ વધે છે. આ હકીકતનો એક અંશ આપની સમક્ષ રજૂ કરૂં છું...

વાત એમ હતી, હું પી.ટી.સી.ના પ્રથમ વર્ષમાં, પહેલીવાર પાઠ આપવાનું આયોજન, કાયમ નક્કી કરેલી સ્કૂલમાં થયેલું હતું. પાઠ પૂર્વે સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા જણાવ્યું હતું કે આપણે જે સ્કૂલમાં પાઠ આપીએ છીએ, તે વિદ્યાર્થીઓ આપણને હેતુકથન કરવા દેતા નથી અને કંટ્રોલ કરવામાં પણ તકલીફ પડે છે. આપણો પાઠ બગાડે છે. પાછળ બેઠેલા અધ્યાપક ઉપર અવળી અસર પડે છે.

આટલી વાત સાથે પહેલા ધોરણના વિદ્યાર્થીઓ સામે હું પૂરી તૈયારી અને તાકાતથી આવેલો હતો. મને પ્રમાણમાં વિદ્યાર્થીઓનો સહયોગ સારો મળ્યો હતો. મને ભણાવવામાં ખૂબ આનંદ આવેલો. તોફાની કહેવાતા બાળકો પ્રમાણમાં શાંત હતા. પાઠ બાદ જતીન નામનો છોકરો મારી પાસે આવ્યો અને બોલ્યોઃ ‘‘સાહેબ... તમે મારા ઘરે આવશો?’’ પરિચય માત્ર ૪૦ મિનિટનો હતો.

આટલા ટૂંકા પરિચયમાં આ બાળકને ઘરે જવું યોગ્ય નહોતું લાગ્યું એટલે એવી વાત મૂકી કે, ‘‘કાલે તારા મમ્મી–પપ્પા જે હાજર હોય છે તેમને બોલાવજે પછી સાંજે ઘરે આવીશ.’’ તેણે મારી વાતને મને ક–મને સાંભળીને ‘‘સારુ સાહેબ’’ એમ કહ્યું.

કદાચ એક દિવસની રાહ કેમ કરીને જોવાય? એવી છૂપી પીડા હતી. બીજી બાજુ મને એમ કે, ‘‘રાત જાય ને વાત જાય.’’ પણ મારા આશ્ચર્ય વચ્ચે બીજા દિવસે તેના પિતાને લઇને જતીન આવ્યો. હવે મારાથી આ આમંત્રણ અનિવાર્ય બની ગયું.

આવા નાના બાળકના ભાવ સામે મારા શિક્ષકનો જન્મ થયો. કોઈ વિદ્યાર્થી શિક્ષકને લાગણીથી મજબૂર કરે એ ઘટના જીવનમાં પાયાની અને પરસ્પર સંબંધ મજબૂત કરનારી હતી. વિદ્યાર્થીની લાગણીની કદર કરવાની શરૂઆત હતી.

વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે આવુ ભાવતીર્થ રચાય એ શિક્ષણ માટે પાયાની વાત હતી. પરસ્પર ભાવથી વિદ્યાર્થી વગર કહે નિશાળ નિયમિત આવશે. શિક્ષક જે ભણાવે તે ભાવથી ઝીલશે. તો બીજી તરફ શિક્ષક અનિવાર્ય કારણ વિના રજા નહિ પાડે. પ્રેમ જાગવા જગાડવા માટે કોઈ પદ્ધતિ થોડી જરૂર છે ?

તમને પણ તમારો જતીન મુબારક...!!

**- સચિવશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર**

## ઝાલાવાડી ધરતી...

આ ઝાલાવાડી ધરતી
આવળ, બાવળ, કેર, બોરડી, શુષ્ક રુક્ષ ચોફરતી

અહીં ફૂલ કેવળ આવળનાં
અહીં નીર અધિકાં મૃગજળનાં
પુષ્પ, પત્ર, પાણી વિણ કાયા ઘોર ઉનાળે બળતી

જોજનના જોજન લગ દેખો
એક નહીં ડુંગરને પેખો
વિરાટ જાણે કુલ્લી હથેળી સમથળ ક્ષિતિજે ઢળતી

આ તે કોઈ જનમ–વેરાગણ
કે, કો ઉગ્ર તપંતી જોગણ
સન્યાસિની તણા નિર્મળ શુભ્ર વેશે ઉર મુજ ભરતી

**- પ્રજારામ રાવળ**

# અધ્યયન નિષ્પત્તિ વિશે અધ્યયન

**- સંજ્ઞા આચાર્ય**

એ વાત સર્વસ્વીકૃત છે કે વિદ્યાર્થીનું ઘણું ખરૂં ઘડતર વર્ગખંડમાં થતું હોય છે. આથીજ દરેક માતા–પિતા પોતાના બાળક માટે ઉત્તમ શિક્ષણ આપતી શાળા પસંદ કરે છે. અને શાળા પણ ખાનગી હોય કે સરકારી પોતાના સંકુલમાં ભણતા બાળકો આદર્શ શિક્ષણ મેળવી યોગ્ય કેળવણી પામે તે માટે પ્રયત્નશીલ હોય. પણ પ્રશ્ન એ થાય કે યોગ્ય કેળવણી એટલે શું ? આદર્શ શિક્ષણનો પાયો શરૂ ક્યાંથી કરવો ? અથવા તો અમુક વર્ષ સુધી શાળામાં વૈધિક શિક્ષણ લીધા પછી શીખનારમાં કેવા વર્તન–પરિવર્તન અપેક્ષિત છે તે કેમ જાણી શકાય ? આ પ્રશ્નોનો જવાબ છે કે જુદા–જુદા ધોરણ અને વિષયની શિક્ષણયાત્રામાંથી પસાર થયા બાદ તેનામાં કેવા કેવા ફેરફારો અપેક્ષિત છે તેનું સામાન્યીકરણ કરીને નક્કી કરેલ સીમાઓ હાલની શિક્ષણ જગતની ભાષામાં કહીએ તો અધ્યયન નિષ્પત્તિ. હવે અધ્યયન નિષ્પત્તિ કોણે બનાવી ક્યાંથી આવી કઇ જોગવાઈ હેઠળ તેનો અમલ કરવામાં આવે છે એ બધી માહિતી તો હાલના ટેક્નોલોજીના જમાનામાં ગુગલગુરૂથી મળી શકે પણ અવારનવાર એવું અનુભવાય છે કે અધ્યયન નિષ્પત્તિ વિશે શિક્ષકો સતત અભિપ્રાય ધરાવતા હોય છે અથવા તો તેઓ જે વિચારતા હોય છે તે સંપૂર્ણપણે સાચું હોતું નથી અત્યાર સુધી તેઓ અધ્યયન નિષ્પત્તિને જે રીતે જોઈ રહ્યા છે તેમાં ક્યાંક ક્યાંક સમજણની કચાશ હોય એમ લાગે છે. તો ચાલો અધ્યયન નિષ્પત્તિ વિશેની સમજણને સચોટ અને સરળ બનાવીએ.

અહીં એ વાત સ્પષ્ટ છે કે બાળક જે ધોરણમાં છે તે ધોરણની વયકક્ષા અને અગાઉના મળેલ અનુભવોના આધારે તેની પાસે કેટલુંક જ્ઞાન હોવાનું. જેમ કે પહેલા ધોરણમાં પહેલા જ દિવસે બાળક જ્યારે શાળામાં આવે છે ત્યારે તેને તેના માતા–પિતા, સગાસંબંધીઓ, આડોશી–પાડોશી કે ગામના અન્ય લોકોના નામ આવડતાં હોય છે. તેને મોટાભાગે રંગ, આકાર, ફુલ કે શાકભાજીના નામ આવડતાં હોય છે. આથી બાળક જ્યારે શાળામાં આવે ત્યારે તે એકદમ નવા વાતાવરણમાં તાદાત્મ્ય અનુભવે, પોતાના વિચારો, સમજણ કે ઈચ્છાની અભિવ્યક્તિ કરી શકે, નવા મિત્રો બનાવે, પોતાના વર્ગ શિક્ષક સાથે હળીમળી જાય અને શાળાના વાતાવરણને પોતાનું ભાવાવરણ બનાવે તે અપેક્ષિત છે. હવે આપણે ધોરણ–૧ની કેટલીક અધ્યયન નિષ્પત્તિઓ જોઈએ જેમ કે,

- જોડકણાં અને ગીતો ગાય છે, સરળ મૌખિક સૂચના સમજે છે.

- આકારો અને આકૃતિઓનું તેના જોઈ શકાય તેવા લક્ષણોને આધારે વર્ણન કરે છે.
- વર્ગમાં અન્ય બાળકો સાથે હળીમળીને રહે છે.

આતો ફક્ત ઉદાહરણ માટે છે. પણ હવે જોવાનું એ છે કે જો તમે શિક્ષક છો તો તમને આવી અધ્યયન નિષ્પત્તિઓ વિશે કેવી સમજણ છે? સૌ પ્રથમ તો અધ્યયન નિષ્પત્તિઓ આખા વર્ષ દરમિયાન નિષ્પન્ન થાય તેવું ઇચ્છનીય છે એવું બને કે કોઈ એક એકમ જે તે અધ્યયન નિષ્પત્તિઓને આધારે મૂકવામાં આવ્યો હોય તથા બીજા એકમ પણ અગાઉની કોઈ અધ્યયન નિષ્પત્તિના સંદર્ભે મૂકવામાં આવ્યો હોય. અથવા તો કોઈ એકમ તેના પછીના એકમમાં સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિની પૂર્વ તૈયારી રૂપે પણ હોય આથી પાઠ્યપુસ્તકના પ્રશ્નોને વળગી રહેવાને બદલે તે ધોરણ માટે નક્કી કરાયેલી અધ્યયન નિષ્પત્તિ અને અપેક્ષિત વર્તન ફેરફારને ધ્યાનમાં રાખવા જોઈએ.

**ઉદાહરણ :**

(૧) ૩.૩.૨ = પોતાની આસપાસની વસ્તુઓનો નિર્દેશ કરી શકશે.

(અહીંયા પહેલું ૩ એ અધ્યયન ક્ષેત્ર છે, જ્યારે બીજીવાર ૩ છે તે ધોરણનો નિર્દેશ કરે છે અને છેલ્લે લખેલો ૨ એ તે અધ્યયન નિષ્પત્તિના વિધાનનો ક્રમ દર્શાવે છે.)

(૨) ૩.૩.૨ = પોતાની આસપાસની વસ્તુઓનો નિર્દેશ કરી શકશે.

આ અધ્યયન નિષ્પત્તિને સિદ્ધ કરવા માટે થઇ પાઠ્યપુસ્તકમાં Where is it? નામનો યુનિટ મૂકવામાં આવેલ છે. એનો અર્થ એમ કે એકજ અધ્યયન નિષ્પત્તિને સિદ્ધ કરવા માટે પાઠ્યપુસ્તકમાં બે જુદાજુદા એકમો મૂકવામાં આવ્યા છે. આમ શિક્ષક માટે સાધ્ય, અધ્યયન નિષ્પત્તિ હોવી જોઇએ. પાઠ્યપુસ્તકનું કોઇ એકમ નહીં. શિક્ષક ધારે અને ઇચ્છે તો તે બીજા કોઇ અનુભવ પૂરા પાડીને પણ જો અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિ પૂર્ણ કરી શકે તો તે અનુભવો પણ એક પ્રકારના શૈક્ષણિક સાધન જ કહેવાય. જેમ પાઠ્યપુસ્તક સાધ્ય નથી પણ સાધન છે એ જ રીતે શિક્ષકે પોતાના વર્ગના બાળકો પાસે વર્ષ દરમિયાન અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ માટે જુદા જુદા પ્રયત્નો કરતા રહેવું જોઇએ અને SCE પત્રકોમાં પણ પોતાને કરવા પડેલ પ્રયત્નોની નોંધ કરતા રહેવું જોઇએ.

બીજો પ્રશ્ન એ પણ જોવા મળે છે કે ઘણા શિક્ષકો એવી ફરિયાદ કરતા હોય કે વાર્ષિક કે સત્રાંત પરીક્ષામાં પાઠ્યપુસ્તકમાંથી કંઇજ પૂછ્યું નથી અથવા તો

ચોપડીમાં નથી એવા પ્રશ્નો પૂછ્યા છે તો ઉપરની ચર્ચાના આધારે હવે તો સમજાયું હશે કે પાઠ્યપુસ્તક એ અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરવા માટેનું એક સાધન છે, બની શકે કે પ્રશ્નપેપર બનાવનારે અધ્યયન નિષ્પત્તિને ધ્યાને રાખીને પાઠ્યપુસ્તકના એકમોનો અભ્યાસ કરી તેને લગતા બીજા પ્રશ્નો મૂક્યા હોય.

હજી અહીં એક વાત એ પણ ઉમેરવી ઘટે કે અધ્યયન નિષ્પત્તિ એ કોઈ એક વિધાન પૂરતી સિમિત નથી હોતી. શિક્ષણ પ્રક્રિયાની જેમ તે પણ સતત ચાલતી વિકાસાત્મક પ્રક્રિયાની વિધાનરૂપે કરેલી ગોઠવણ છે. એમ કહીએ તો જરા પણ અતિશયોક્તિ ન લાગે કે અધ્યયન નિષ્પત્તિ એ ખરા અર્થમાં તો વર્ષના અંતે નહીં પણ સમગ્ર શિક્ષણ પ્રક્રિયામાંથી પસાર થયા પછી વિદ્યાર્થી પોતાના જીવનમાં તેનો ઉપયોગ કઈ રીતે કરે છે તે છે. એટલે કે લર્નિંગ આઉટકમ એ ખરા અર્થમાં તો તેના જીવનને યોગ્ય દિશામાં વાળવાનો પ્રયાસ કરવા માટે છે.

**- આચાર્ય, રામગઢ પ્રાથમિક શાળા, ધ્રાંગધ્રા**

## શ્રદ્ધાંજલિ



ડાયેટ – સુરેન્દ્રનગરનો બી.એડ્.ની પ્રથમ બેચનો પ્રશિક્ષણાર્થી દીપક સોમપુરાનું હાર્ટએટેકને કારણે તા.૫–૬–૨૦૨૦ના રોજ મૃત્યુ થયું. જે પ્રશિક્ષણાર્થી સમગ્ર ડાયેટ પરિવારનો વ્હાલો હતો. વિવેક, સંસ્કાર અને શિક્ષણમાં પારંગત હતો. જે ભવિષ્યમાં અનેક વિદ્યાર્થીઓને શિક્ષિત – દીક્ષિત કરનાર હતો. તેનો વર્ગખંડ બહું વિશાળ કરી લીધો.

ડાયેટ પરિવાર અને તેના મિત્રો સૌ તેના ઘરે ધ્રાંગધ્રા જઈને તેના માતુશ્રીને આશ્વાસન આપ્યું. કરૂણા એ છે કે તેના પિતાનું મૃત્યુ થયેલું છે. એકનો એક દીકરો હતો. બહેન સાસરિયે છે. માતાના જીવનનો આધાર ચાલ્યો ગયો. માતુશ્રીનું હૈયાફાટ રૂદન સૌને રડાવી ગયું.

ડાયેટ પરિવાર તરફથી સાંત્વના સ્વરૂપે તેના માતુશ્રીને રૂા. ૧૦,૦૦૦/–ની ધનરાશી અર્પણ કરી.

દીપકના આત્માને પરમાત્મા શાંતિ આપે તેવી પ્રાર્થના...

ૐ શાંતિ... શાંતિ... શાંતિ....

# સુરેન્દ્રનગર જિલ્લાના ધોરણ ચાર, છ અને સાતના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ (GAS-2)

- ડૉ. રાજેનકુમાર ડી. પિતલીયા

ગુજરાત એચિવમેન્ટ સર્વે (GAS)-2 અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાની ગુજરાતી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ ચાર, છ અને સાતના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનો અભ્યાસ કરી ધોરણવાર અને વિષયવાર કઠિન કલમોની અને અધ્યયન નિષ્પત્તિઓની તારવણી કરવા માટે સંશોધકે G.C.E.R.T., ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો.

પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.

(૧) સુરેન્દ્રનગર જિલ્લાની શાળાઓનાં ધોરણ ૪, ૬ અને ૭નાં વિદ્યાર્થીઓની ધોરણવાર અને વિષયવાર કઠિન કલમો તારવવી.

(૨) સુરેન્દ્રનગર જિલ્લાની શાળાઓના ધોરણ ૪, ૬ અને ૭ના વિદ્યાર્થીઓની ધોરણવાર અને વિષયવાર કઠિન અધ્યયન નિષ્પત્તિઓ તારવવી.

સંશોધક દ્વારા પ્રશ્ન સ્વરૂપ ઉત્કલ્પનાઓની રચના કરવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શૈક્ષણિક પરીક્ષણ અને મૂલ્યાંકન હતું. પ્રસ્તુત અભ્યાસ સુરેન્દ્રનગર જિલ્લા પૂરતો મર્યાદિત હતો. પ્રસ્તુત અભ્યાસ સુરેન્દ્રનગર જિલ્લાની ગુજરાતી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ ચાર, છ અને સાતના વિદ્યાર્થીઓ પૂરતો સિમિત હતો. ધોરણ–૪ની શૈક્ષણિક સિદ્ધિ ગુજરાતી અને ગણિતના વિષયોના સંદર્ભમાં, ધોરણ–૬ની શૈક્ષણિક સિદ્ધિ ગુજરાતી, ગણિત અને વિજ્ઞાન વિષયોના સંદર્ભમાં ધોરણ–૭ની શૈક્ષણિક સિદ્ધિ ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયોના સંદર્ભમાં તપાસવામાં આવી હતી.

પ્રસ્તુત સંશોધનમાં સુરેન્દ્રનગર જિલ્લાની ગુજરાતી માધ્યમની સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૧૯–૨૦ માં ધોરણ ૪, ૬ અને ૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ તરીકે સમાવિષ્ટ થયા હતા. પ્રસ્તુત અભ્યાસમાં નમૂના તરીકે NCERT, ન્યૂ દિલ્હી દ્વારા તાલુકા દીઠ ૧૫–૧૫ શાળાઓની પસંદગી કરવામાં આવી હતી. આ પસંદગી પામેલી શાળાઓમાં ધોરણ ચાર, છ અને સાતમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો નમૂનામાં સમાવેશ કરવામાં આવેલ હતો. નમૂનામાં સમાવિષ્ટ

પાત્રોની કુલ સંખ્યા ૮૯૮૯ હતી. જેમાં કુમારોની સંખ્યા ૪૫૭૮ અને કન્યાઓની સંખ્યા ૪૪૧૧ની હતી. પ્રસ્તુત સંશોધન એ વ્યવહારિક સંશોધન હતું. પ્રસ્તુત અભ્યાસમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિઓ પૈકી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ–૪માં ગુજરાતી અને ગણિત વિષયોને; ધોરણ–૬માં ગુજરાતી, ગણિત અને વિજ્ઞાન વિષયોને જ્યારે ધોરણ–૭માં ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયોને સમાવિષ્ટ કરતી કસોટી લેવામાં આવી હતી. કસોટીઓના સ્વરૂપ એક સરખા હતા. દરેક કસોટીઓ જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા પ્રમાણિત કરવામાં આવી હતી. સુરેન્દ્રનગર જિલ્લાની પસંદ થયેલી કુલ ૧૫૦ પ્રાથમિક શાળાઓમાં આ કસોટી લેવામાં આવી હતી. આ કસોટીઓ સ્કેન કરી વિદ્યાર્થીઓએ સિદ્ધિ કસોટીમાં મેળવેલા પ્રાપ્તાંકો મેળવ્યા હતા.

ડૉ. ઈકબાલભાઈ વોરા અને આશીષભાઈ દ્વારા તૈયાર કરાયેલા કમ્પ્યૂટર પ્રોગ્રામની મદદથી ઉપરોક્ત તમામ કસોટીઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેના આધારે જિલ્લાનો અને જિલ્લામાં સમાવિષ્ટ દરેક તાલુકાઓનો સરેરાશ સિદ્ધિઆંક શોધવામાં આવ્યો હતો. વળી, વિદ્યાર્થીઓને શું અઘરું પડે છે તે જાણવા માટે ધોરણવાર અને વિષયવાર કઠિન કલમો અને અધ્યયન નિષ્પત્તિઓ તારવવામાં આવી હતી. પ્રાપ્ત પરિણામને આધારે તારણો તારવવામાં આવ્યા હતાં.

**અભ્યાસના તારણો :**

**(૧) સુરેન્દ્રનગર જિલ્લાની ધોરણવાર અને વિષયવાર કઠિન કલમો**

- ધોરણ–૪ની કસોટીમાં ગુજરાતી અને ગણિત વિષયમાં કોઈ કઠિન કલમ જણાઈ ન હતી.
- ધોરણ–૬ની કસોટીમાં ગણિત અને વિજ્ઞાન વિષયોમાં કલમ નંબર ૧૭, ૧૮, ૨૫, ૨૭, ૩૦, ૩૮ અને ૪૪ કઠિન આવી હતી. ગણિત અને વિજ્ઞાન વિષયમાં કઠિન કલમોની ટકાવારીનું પ્રમાણ અનુક્રમે ૩૩.૩૩% અને ૧૩.૩૩% હતું. ગુજરાતી વિષયમાં કોઈ કઠિન કલમ જણાઈ ન હતી.
- ધોરણ–૭ની કસોટીમાં ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયોમાં કલમ નંબર ૨, ૩, ૨૪, ૨૮, ૨૯, ૩૦, ૩૫, ૪૪, ૪૭ અને ૪૯ કઠિન આવી હતી. ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને

સામાજિક વિજ્ઞાન વિષયમાં કઠિન કલમોની ટકાવારીનું પ્રમાણ અનુક્રમે ૧૩.૩૩%, ૨૬.૬૭%, ૧૩.૩૩% અને ૧૩.૩૩% જેટલું હતું.

**(૨) સુરેન્દ્રનગર જિલ્લાની ધોરણવાર અને વિષયવાર કઠિન અધ્યયન નિષ્પત્તિઓ ક્રમાંક**

- ધોરણ–૬માં M602.1, M602, M613.2, M606.1, M603.1 અને SC.6.10 મળી હતી.
- ધોરણ–૭માં G7.06, G7.02, M703.6, SC.7.10, SC.7.01, SC.7.02, 1.7.4 અને 1.7.1 મળી હતી.

**-લેક્ચરર, DIET, સુરેન્દ્રનગર**

## Tim O' Brien

- When I die in a war zone, Box me up and send to home
- Put my medals on my chest, And tell my mom I did my best
- Tell my dad not to bow, And he will not get tension from me
- Tell my brother to study perfectly, And key of my bike will be his permanently
- Tell my sister not to be upset, Her brother going to long sleep after sunset
- Tell my nation not to cry, Because I am a solider and born to die

**ભાવાનુંવાદ :**

- જ્યારે હું યુદ્ધમાં મૃત્યુ પામું ત્યારે કોફિનમાં બંધ કરીને મને ઘરે મોકલજો.
- મારા તમામ પારિતોષિક મારી છાતી પર મૂકજો.
- સૌથી પહેલા મારી માતાને કહેજો કે મેં મારો શ્રેષ્ઠ દેખાવ કર્યો છે.
- મારા પિતાને કહેજો કે તમારે મારા માટે કોઈની સામે ઝૂકવું નહી પડે.
- તેમને મારા તરફથી કોઈ તણાવ નહીં રહે,
- મારા ભાઈને કહેજો ધ્યાનથી ભણે, મારા બાઈકની ચાવી સંપૂર્ણપણે તેની છે.
- મારી બહેનને કહેજો અસ્વસ્થ ન થાય, તેનો ભાઈ સૂર્યાસ્ત પછી લાંબી નિંદ્રા પર જઈ રહ્યો છે.
- મારા રાષ્ટ્રને કહેજો રડે નહી, કારણ કે હું એક સૈનિક છું અને (દેશ માટે) મરવા માટે મારો જન્મ થયો છે.

# 'જીવંત શિક્ષક'

**- અશોકભાઇ એચ. વાઘેલા**

વિચારો કે જેને જન્મજાત 'ક્રોનિક એનીમિયા' હોય, લોહીમાં એચ.બી. નું પ્રમાણ કાયમી ૭ થી ૮% વચ્ચે જ રહેતું હોય, અવારનવાર બહારથી લોહી ચડાવવું પડતું હોય, એમ કહી શકાય કે કોઇકના લોહી ઉપર જીવન નિર્ભર હોય, અને એક દશકા જેટલા સમયથી ડાયાબિટિસ તો ખરું જ. વળી ૩૭ વર્ષની વયમાં ડાયાબિટિસ ના કારણે જેણે એક આંખ ગુમાવી દીધી હોય, જીવનમાં આટલી બધી કઠણાઇ હોય અને છતાંય તેનામાં શિક્ષક જીવતો હોય એવા વ્યક્તિત્વનો આદર આપોઆપ કરવો જ ઘટે. જેના વર્ગકાર્યને જોઇને સલામી સાથે 'જીવંત શિક્ષક' છે એવું કહેવાનું મન થાય તેવા શિક્ષક એટલે લીંબડી તાલુકાના ઊંટડી ક્લસ્ટરના ઊંટડી પે-સેન્ટર શાળાના શિક્ષિકાબેન પૂનમબેન રાવલ.

માંડીને વાત કરું તો સવા ત્રણ વર્ષની મારી બી.આર.સી.કો-ઓર્ડિનેટર તરીકેની ફરજમાં મારા તાલુકાની તમામ શાળાની મુલાકાત લીધેલ છે અને અસંખ્ય શિક્ષકો અને આચાર્યને મળ્યો છું. એ તમામનું કામ નજીકથી નિહાળ્યું છે. ઘણા બધા ખંતીલા, મહેનતુ, પ્રેમાળ, પ્રેરણાદાયક, અને કર્તવ્યનિષ્ઠ, નિષ્ઠાવાન શિક્ષકોને જાણું છું, ઓળખું છું. પણ આ શિક્ષિકાબેન મને કંઇક અનોખા લાગ્યા. એમની શારીરિક સ્થિતિની વિપરીત એમનું વર્ગકાર્ય જોવા મળેલું.

સરકારી પ્રાથમિક શાળામાં નિમણૂંક પહેલાં દયામયી માતા ઇંગ્લીશ સ્કૂલ અને કોમર્સ કોલેજમાં લેક્ચરર તરીકે કામ કરતી વ્યક્તિ અચાનક તા.૫/૭/૨૦૧૦ની વિદ્યાસહાયકની ભરતીમાં એમ.એ./બી.એડ્. વિથ ઇંગ્લીશની લાયકાત ધરાવતા ભાષા શિક્ષક તરીકે ગુજરાતી મિડિયમની ગામડાની પ્રાથમિક શાળા પસંદ કરે છે. ઇંગ્લીશ મિડિયમની શાળા અને કોલેજના વિદ્યાર્થી સાથે કામ કરીને આવેલ વ્યક્તિને ગામડાની શાળાના વાતાવરણમાં ભળતા ઘણી તકલીફ પડી. પણ એમની કામ કરવાની ધગશના કારણે બાળકોની ભરપુર લાગણી મળી અને થોડા જ સમયમાં બાળકોના 'માનીતા શિક્ષક' બની ગયા.

આમ તો શાળા છથી આઠ ધોરણની છે. એટલે ગામની નિમ્ન પ્રાથમિક શાળા છોડી ઉચ્ચ પ્રાથમિક શાળામાં આવે ત્યારે અન્ય પોતાની શાળા છોડી અન્ય શાળામાં જતું બાળક જે મુંઝવણ અનુભવે એવી જ મુંઝવણ આ બાળકો પણ અનુભવતા હોય જ. એવા સમયે બાળકો સાથે પોતાપણાના ભાવ સાથે તાદાત્મ્ય સાધી શકે તેવા

પ્રેમાળ અને મહેનતુ શિક્ષક જ પ્રારંભના ધોરણના વર્ગ શિક્ષક હોય તેવા જ આશયથી કાયમી ધોરણ–૬ના વર્ગ શિક્ષક તરીકે પૂનમબેન કાર્ય કરે છે. તેમની કાર્ય કરવાની રીત જ અનોખી છે.

ધોરણ–૬માં શાળામાં પ્રવેશ મેળવતા તમામ બાળકોના અક્ષરો સારા કરવાની જવાબદારી એમની. પોતાના વિષયનું શિક્ષણકાર્ય પ્રવૃત્તિ આધારિત જ હોય. સૌ પ્રથમ બાળકોને અંગ્રેજી વિષયમાં A.B.C.D. થી જ શિક્ષણકાર્ય શરૂ કરે. તેઓ મૂળાક્ષરોને ત્રણ વિભાગમાં વહેંચે. જેમાં ઉપર જતા મૂળાક્ષરો, વચ્ચે રહેતા મૂળાક્ષરો અને નીચે જતા મૂળાક્ષરો એમ લખવાનો મહાવરો શરૂ કરાવે. ત્યારબાદ શબ્દ અને અંતે ફકરાનો મહાવરો શરૂ થાય. તેનું પરિણામ એ આવ્યું કે શાળાના તમામ બાળકોના અંગ્રેજી લેખનમાં અક્ષરો મરોડદાર મોતીના દાણા જેવા જોવા મળે છે. શાળાના તમામ બાળકોનું અંગ્રેજીનું લખાણ 'ઉડીને આંખે વળગે' એટલું સરસ હોય છે.

ધોરણ–૬ થી ૮માં અંગ્રેજી વિષયના શિક્ષક હોવાથી બધા ધોરણના બંને સત્રના તમામ પાઠોની તમામ પ્રવૃત્તિ અધ્યયન નિષ્પત્તિને ધ્યાનમાં રાખીને જ કરાવે છે. તમામ પ્રવૃત્તિ અને અધ્યયન નિષ્પત્તિની યાદી પાસે જ હોય. એમના પાઠ્યપુસ્તકના પાને પાને અધ્યયન નિષ્પત્તિ અને અન્ય બાબત લખેલ જ જોવા મળે. તમામ બાળકો પાસે પોતાના ધોરણના બંને સત્રની તમામ પ્રવૃત્તિ કરેલ જોવા મળે. તેમના પ્રોજેક્ટ પર એકમનું નામ, પ્રવૃત્તિ ક્રમ અને અધ્યયન નિષ્પત્તિ ફરજીયાત લખેલ હોય જ. તેમના વર્ગમાં પગ મૂકો એટલે એમના વર્ગની ચારે બાજુ અને ચારે દીવાલો પર પ્રવૃત્તિ અને પ્રોજેક્ટ જ જોવા મળે... શિક્ષણકાર્ય વખતે આપવામાં આવતી તમામ સૂચનાઓ અંગ્રેજીમાં જ હોય. વર્ગના તમામ બાળકો આપેલ સૂચનાને અનુસરે અને સૂચના મુજબ પ્રવૃત્તિપણ બાળકો પાસેથી મળે જ. વર્ગખંડની એક દીવાલ શિક્ષકની પ્રવૃત્તિ કે પ્રોજેક્ટથી ભરેલ જોવા મળે. તો બાકીની ત્રણ દીવાલો બાળકોના પ્રવૃત્તિ અને પ્રોજેક્ટથી ભરેલી છે. બાકી વર્ષ દરમિયાન ધોરણ અને એકમ અનુસાર અધ્યયન નિષ્પત્તિ સાથે કરેલ પ્રવૃત્તિ અને પ્રોજેક્ટથી તો બોક્ષ ભરેલા જોવા મળે. તે સિવાય સહ–અભ્યાસિક પ્રવૃત્તિ પણ એટલી જ જોવા મળે જેમ કે વેસ્ટમાંથી બેસ્ટ, સુશોભન, ભરતનાટ્યમ, સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારી તો ખરી જ. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી પર દેશભક્તિ ગીતો પર નૃત્ય પણ કરાવે, મહેંદી પાડવી, તોરણ બનાવવા, પ્લાસ્ટીકની બોટલ અને જુના માટલા પર સુશોભન કાર્ય પણ કરાવે.

૩–ડી ટીચીંગ ઓફ ઇંગ્લીશના એમના વિચાર સાથે ૨૦૧૬–૧૭માં જીલ્લા કક્ષાએ ઇનોવેશન ફેરમાં ઇનોવેટીવ શિક્ષક તરીકે રજૂ થયા. તો વર્ષ ૨૦૧૯–૨૦માં રાજ્યકક્ષા સુધી પોતાના અંગ્રેજી વિષયના ઇનોવેટીવ વિચારથી પહોંચ્યા. રાજ્ય કક્ષાના ઇનોવેશન ફેરમાં આઇ.આઇ.એમ. અમદાવાદના વડા દ્વારા એવી ઘોષણા કરવામાં આવી કે શિક્ષક દ્વારા બનાવેલ કૃતિને બદલે બાળકોએ બનાવેલ હોય એવી ઇનોવેટીવ કૃતિ મને બતાવો. ત્યારે સ્ટેજ પર નામ પૂનમબેન રાવલ અને ઊંટડી પે–સેન્ટર શાળા આવ્યું. સ્ટેજ પરથી સીધા જ પૂનમબેનના સ્ટોલ પર પહોંચી તેમના સ્ટોલનું શુંટિંગ અને ફોટોગ્રાફી શરૂ કરી દીધી. પૂનમબેન સાથે જરૂરી વાર્તાલાપ કર્યો. તે ફોટા અને તમામ વિગતોની માહિતી નેશનલ ઇનોવેશનના પોર્ટલ પર મુકવામાં આવી. બાળકોના અક્ષરો અને અધ્યયન નિષ્પત્તિ આધારિત પ્રવૃત્તિ અને પ્રોજેક્ટ જોઇને આઇ.આઇ.એમ.ના વડા પણ ખુશ થઇ ગયા.

બે ચાર મહિનામાં એકાદ વખત તો પાંચ–સાત દિવસ હોસ્પિટલમાં રહેવું જ પડે તેવો ક્રમ છે આ બહેનનો. છતાં દરવખતે એમનો એક જ જવાબ હોય કે આ બાળકોને કારણે હું જીવું છું. ગમે તેટલી શારીરિક તકલીફ હોય છે પણ જ્યારે શાળાએ આવું છું એટલે મારી તમામ બીમારી જાણે ગાયબ થઇ જાય છે. મારા બાળકોના હસતા ચહેરા મારા માટે દવા છે. આ બાળકોનો પ્રેમ અને લાગણી મને જીવાડે છે. આવા શબ્દો આ બહેનના મોઢે ઘણી વખત સંભાળવા મળ્યા છે. એમની ફરજ, નિષ્ઠા, બાળકો અને શાળા–શિક્ષણ પ્રત્યેની ભાવના અને લાગણી વંદન. શારીરિક રીતે સ્વસ્થ બની શાળા અને બાળકો સાથે ખૂબ કાર્ય કરો અને શિક્ષણમાં નામના મેળવો એવી શુભેચ્છા.

પૂનમબેન રાવલ માટે બસ એક વાક્યમાં કહેવું હોય તો કહી શકાય કે....

**‘‘મંજિલ ઉન્હીકો મિલતી હૈ, જિનકે સપનો મેં જાન હોતી હૈ,**

**પંખ સે કુછ નહિ હોતા, હોસલો સે ઉડાન હોતી હૈ.’’**

પૂનમબેન રાવલના બુલંદ હોંસલાને લાખ લાખ વંદન.

**- બી.આર.સી. કો. ઓર્ડિનેટર, લીંબડી.**

# થાનગઢ - ચિનાઈ માટીનો ઉદ્યોગ

**- ધનજીભાઈ એમ. વાલેરા 'ધ્રુવ'**

અહીંની માટી એટલે અનોખી. કંકુવરણી ભોમની તાસીર એવી કે માણસ મોહી જાય. પાંચાળ એટલે...

'ખડ, પાણીને ખાખરા, પાણાંનો નહીં જોને પાર,<br>
(પણ...) વગર દીએ વાળું કરે, દેવકો જુઓ પાંચાળ.'

એકવાર એવું બન્યું કે એક મુસાફર ટ્રેન મારફત મુસાફરી કરતો હતો. તેનું ઉતારવાનું સ્થળ થાનગઢ તો નહોતું. પરંતુ માર્ગમાં ટ્રેન થોભતા તેઓ થાનગઢ ઉતર્યા. તેમણે થાનની માટી જોઈ, આ માટીને જોતા જ એમના મગજમાં એક વિચાર આવ્યો. જો આ માટીનો સદ્ઉપયોગ થાય તો ખૂબ જ સારું કહેવાય. તેમણે થાનગઢમાં ત્યારથી જ ચિનાઈ માટીના ઉદ્યોગના શ્રી ગણેશ કર્યા. અને એમના આ વિચારે એક ઔદ્યોગિક સંસ્થા રૂપે આકાર લીધો. એ એટલે એશિયામાં સ્થાન પામનાર 'પરશુરામ પોટરી'.

આમ ચિનાઈ માટીનો ઉદ્યોગ સૌરાષ્ટ્ર પ્રદેશે અસ્તિત્વમાં આવ્યો. હાલમાં આસપાસના આ વિસ્તારો અને મોરબી સુદ્ધાં પણ આ બાજુની જગ્યામાં ચિનાઈ માટીનો ઉદ્યોગ અસ્તિત્વમાં છે તે થાનગઢની માટીના પ્રતાપે જ શક્ય બને છે. કારણ કે... હાલમાં તો એ ઉદ્યોગ માટે જરૂરી એવો કાચો માલ એટલે કે ચિનાઈ માટી થાનગઢમાંથી જ આયાત કરે છે.

આ ચિનાઈ માટીનો ઉદ્યોગ એ પાંચાળ ભૂમિની ખાસ વિશેષતા છે, અને અન્ય વિસ્તારોમાં અસ્તિત્વમાં છે પણ તે થાનગઢને આભારી છે. એક સમય એવો હતો કે પૂરા ભારતમાં માથાદીઠ આવકમાં થાનગઢનો પ્રથમ ક્રમાંક હતો. એશિયાની સૌથી મોટી સિરામિક પોટરીમા થાનગઢની પરશુરામ પોટરીનો ઉલ્લેખ થયેલો છે.

દાદાની ઉંમરના શિક્ષિત લોકોને મળ્યો. ત્યારે તેમણે જણાવ્યું કે અમે ત્યારે શાળાંત ઇન્ટર પાસ થઈએ એટલે શિક્ષકમાં સામેથી નોકરી મળે. પણ એ સમયે શિક્ષકનો પગાર ૧૨૫ રૂા. આસપાસ અને પરશુરામ પોટરી એ સમયે ૧૫૦ થી ૨૦૦ રૂા. પગાર આપે. એટલે 'શિક્ષક ન થવાય, પરશુરામ પોટરીમાં જવાય.' એવું સુત્ર ત્યારે જાણીતું બનેલું. અને ઘરના પરિવારના સભ્યો પરશુરામ પોટરીનો જ આગ્રહ રાખે. લોકો તેના નામથી ખેંચાતા. સમગ્ર ભારતનું ધ્યાન થાનગઢ તરફ ખેંચનાર હોય તો પરશુરામ પોટરી હતી.

પછી તો કારખાના બનાવવાની હોડ લાગી. થાનમાં દરેક સમાજના સિરામિકના કારખાના આવેલા છે. હાલ તો અંદાજે ૨૫૦ થી ૩૦૦ સિરામિકના કારખાના વિવિધ પ્રકારનું ઉત્પાદન કરી રહ્યા છે.

આ ચિનાઇ માટીમાંથી ઘણી બધી ઉપયોગી ચીજવસ્તુઓ બને છે. જેવી કે કપ – રકાબી, રમકડા – કુંડા, અથાણા માટેની બરણીઓ, વિવિધ મૂર્તિઓ, તમામ પ્રકારની ટાઇલ્સ, સંડાસના તમામ પ્રકારના પોખરા વગેરે બનાવવામાં આવે છે.

થાનમાં ઇંટ અને નળિયા બનાવવા માટે કામમાં આવતી 'ફાયર ક્લે' નામની હલકી માટી મળે છે. આ સિવાય કોલસો પણ નીકળે છે. મે ચોટીલાથી થાન જતા રસ્તામાં બંને બાજુઓ પર અને મુનીબાવા મંદિર અને બાંડિયા બેલી, માંડવવન બાજુ જાવ તો ચારે બાજુ કિલોમીટરના કિલોમીટર પથ્થરોના પાથરવ લાગે છે. ખૂબ પહેલાંનાં સમયમાં અહીં કાં જવાળામુખી હશે કાં તો એનો રસ ઢોળાયો હશે. આ પથ્થરોની સલાટો એનો લાવારસ લાગે છે, ને કોલસો એનો બળી ગયેલો રસ. આ પંથકની માટી જુદા – અલગ જ પ્રકારની છે એ આને આભારી હોવી જોઇએ. વળી એ સંશોધન માંગી લે તેવો વિષય પણ છે.

શ્રી પરશુરામ બળવંત ગણપુલે – પરશુરામ દાદા, મહારાષ્ટ્રના જિ.રત્નાગિરિ, તા.ચિપલુણ, ગામ લૌટે નામના નાનકડા ગામમાં ૧૮૭૦માં જનમ થયો. વડોદરામાં પ્રાથમિક શિક્ષણ તેમજ વ્યાવસાયિક અનુભવ લઇને, ૧૯૦૪થી માટી કામમાં, ઇંટો, નળિયા વગેરેના ઉત્પાદનમાં સંકળાયેલા શેઠ પરશુરામ દાદાએ બીલીમોરા, વાંકાનેર, મોરબી, શિહોર, ધ્રાંગધ્રા, શ્રીરામપુર, થાનગઢ વગેરે સ્થળોએ માટી ઉદ્યોગ (સિરામિક ઉદ્યોગ) સ્થાપ્યા. બાદમાં થાનગઢમાં શેઠ શ્રી સોરાબજી દલાલે ચાલુ કરેલ ઉદ્યોગ ૧૯૩૨માં હસ્તગત કરી સેનેટરી વેર ઉદ્યોગ થાનગઢમાં સ્થાપી, ભારતભરમાં અને દુનિયાભરમાં તેઓએ આ ઉદ્યોગનો સંપૂર્ણ રીતે વિકાસ કરવામાં અથાગ પરિશ્રમ કર્યો. સમાજના દરેક વર્ગને રોજગારીની તક આપી તેમણે એક અનોખી પ્રણાલી પાડી. જે આજે પણ પ્રચલિત છે. તેઓ ગુજરાતમાં સિરામિક ઉદ્યોગમાં પ્રણેતા તરીકે જાણીતા છે.

થાનગઢ જ નહિ આખા સૌરાષ્ટ્ર – ગુજરાતમાં શ્રી પરશુરામ દાદાએ સ્થાપેલ આ ઉદ્યોગના કર્મચારીઓએ પણ ધીમે ધીમે પોતાના કારખાનાઓ સ્થાપી, થાનગઢને સિરામિક ઉદ્યોગનું કેન્દ્ર બનાવેલ છે. અને આજે થાનગઢ જગતભરમાં સિરામિક ઉદ્યોગમાં નામના મેળવી ચૂકેલ છે. આજે થાનગઢ સિરામિક ક્ષેત્રે આગવી છાપ–ઓળખ મેળવી છે. તેના પાયાના વિકાસના પ્રણેતા સ્વ. શ્રી પરશુરામ બળવંત

ગણપુલે – પરશુરામ દાદાને જ શ્રેય આપી શકાય.

એમ કહેવાય છે કે દરેક વસ્તુ નાશ પામવાને જ સર્જન પામતી હોય છે. સૃષ્ટિનો આ નિયમ સજીવ–નિર્જીવ એમ તમામને લાગુ પડતો હોય છે. કાળ પરંપરામાં વિભાગો પડતા પરશુરામ પોટરી એમના વંશજોથી સચવાઈ નહીં. હાલ અબજો રૂપિયાની જમીન વેરાન થઈને પડી છે. તમે થાન જાઓ તો જોજો. આ જગ્યા રેલ્વે સ્ટેશનથી સામેના રોડ ઉપર અને થાન–૧ સ્કુલની નજીક પણ છે. હા આ જગ્યા જ કહી રહી છે...

એક દિન થા... હમારા....
હમહી સો ગયે દાસ્તાં કહતે કહતે...

**- શ્રી ઉચ્ચ પ્રાથમિક શાળા નં.૧૩, થાન, તા.થાનગઢ**

---

# દિન – વિશેષ

**જુલાઈ**

| | | |
|---|---|---|
| ૧ | ૧ જુલાઈ | ડૉક્ટર દિન |
| ૨ | ૪ જુલાઈ | સ્વામી વિવેકાનંદ પૂણ્યતિથિ |
| ૩ | ૧૧ જુલાઈ | વિશ્વ વસતિ દિન |
| ૪ | ૧૯ જુલાઈ | બેંકોનું રાષ્ટ્રીયકરણ દિન |
| ૫ | ૨૩ જુલાઈ | લોકમાનય ટિળક જયંતી |
| ૬ | ૨૫ જુલાઈ | પેરેન્ટ્સ–ડે |
| ૭ | ૨૬ જુલાઈ | કારગિલ વિજય દિન |

**ઓગસ્ટ**

| | | |
|---|---|---|
| ૧ | ૧ ઓગસ્ટ | લોકમાન્ય ટિળકની પૂણ્યતિથિ |
| ૨ | ૭ ઓગસ્ટ | રવીન્દ્રનાથ ટાગોરની પૂણ્યતિથિ |
| ૩ | ૯ ઓગસ્ટ | હિન્દ છોડો આંદોલન દિન |
| ૪ | ૧૫ ઓગસ્ટ | ભારતનો સ્વાતંત્ર્ય દિન |
| ૫ | ૨૯ ઓગસ્ટ | મેજર ધ્યાનચંદનો જન્મ દિન |

# અંગદનો પગ

**- નીતિન પંચાલ**

“‘વિશ્વમાં બે પ્રકારના લોકો છે. પ્રતિભાશાળી અને સામાન્ય... પ્રતિભાશાળી લોકો આ વિશ્વને પ્રગતિશીલ કરે છે. પણ વિશ્વનો કબજો હંમેશાં ‘સામાન્ય’ પાસે જ રહ્યો છે. સામાન્ય હંમેશા પ્રતિભાશાળીઓને બાહ્ય રીતે હેરાન કરી શકે છે પણ ક્યારેય આંતરિક રીતે ખલેલ પહોંચાડી શકતા નથી. પ્રતિભાશાળીઓ ‘રામાયણ’ના ‘અંગદ’ના પગ જેવા છે અચળ અને સ્થિર. તેને સામાન્ય કદી ખેસવી ન શકે. પ્રતિભાશાળી અને સામાન્ય વ્યક્તિના સંઘર્ષની કથા લઈને શ્રી હરેશ ધોળકિયાની નવલકથા રચાઈ છે. વિશ્વના પ્રતિભાવાનોની પ્રતિમાને પળે પળે પ્રજ્વલિત કરતી અને અંજલી આપતી આ એક વૈચારિક કથા છે.’’

નવલકથા, વાર્તા, હાસ્ય, જીવનચરિત્ર, અનુવાદ, સંપાદન જેવાં વિવિધ સાહિત્ય પ્રકારોમાં નોંધપાત્ર પ્રદાન કરનાર હરેશ ધોળકિયાની અતિશય ચર્ચાયેલી અને વખણાયેલી આ નવલકથા છે. તેના કથાવસ્તુની પૃષ્ઠભૂમિ શિક્ષણ જગત છે. લેખક પોતે શિક્ષક હોવાથી તેની સૃષ્ટિ અને વિવિધ પાત્રોનું આલેખન કરવામાં સરળતા રહે એ માટે તેમણે આમ કર્યું છે, પણ તેમનો મૂળ હેતુ જુદો છે.

વીસમી સદીના પ્રખ્યાત લેખિકા આયન રેન્ડની જગવિખ્યાત કૃતિઓ ‘ફાઉન્ટેનહેડ’ (Fountain Head) તેમજ ‘એટલાસ શ્રગ્ડ’ (Atlas Shrugged) ની ઊંડાણપૂર્વકની અને જટિલ ફિલસૂફીઓને ગુજરાતી વિચારધારા, આપણી આસપાસની સામાન્ય ઘટનાઓ અને ખૂબ જ સહજ લાગે એવા પાત્રો દ્વારા લેખકે આ નવલકથા સર્જી છે. પરિણામસ્વરૂપ આપણને મળી ‘અંગદનો પગ’. એવી કૃતિઓની ફિલસૂફીમાં વધુ અંદર ઉતારવામાં આવે તો જાણવા મળે કે એમાંની ઘણીખરી બાબતો આપણને પણ લાગેવળગે છે. આ પરિસ્થિતિમાં કોઈ કસાયેલી કલમવાળા પ્રતિબદ્ધ વાર્તાકાર દ્વારા તેનું સ્થાનિક ભાષામાં અને સ્થાનિક વિચારધારામાં રૂપાંતરણ જરૂરી બને છે.

આ નવલકથામાં લેખકે આયન રેન્ડની ફિલસૂફીને કેન્દ્રમાં રાખી પ્રતિભાશાળી વ્યક્તિઓ (Firs Rater) અને સામાન્ય આવડત અને સૂઝ ધરાવતા–પણ અતિમહત્વાકાંક્ષી વ્યક્તિઓ (Second Rater) વચ્ચેનું અંતર દર્શાવવા માટે વાર્તાના સાધન તરીકે એક શાળામાં કામ કરતા બે શિક્ષકો જ્યોતીન્દ્ર શાહ અને કિરણ દવેને તદ્દન વાસ્તવિક સ્વરૂપ આપી ઘડ્યા છે.

વાર્તાની શરૂઆત થાય છે કિશોર નામના એક પ્રખ્યાત સફળ ડોક્ટરની ફોન પરની વાતચીતથી. આ ડોક્ટર ઉપરના બંને શિક્ષકોનો વિદ્યાર્થી રહ્યો છે. અલબત્ત, આ બંને શિક્ષકો તેના આદર્શો છે.

સરળ અને સુંદર રીતે લખાયેલી આખી કથા મુખ્ય બે પાત્રો પર છે... કિરણ દવે અને જ્યોતીન્દ્ર શાહ... અત્યારના સમયમાં દવે સાહેબ રહી ગયા છે ને શાહ સાહેબ ક્યાંય લુપ્ત થઈ ગયા હોય એમ જ લાગે છે... રાજકીય રમતો રમીને દવે જેવા શિક્ષકોએ શિક્ષણ જગતને ડહોળી નાંખ્યું છે. પોતાની પ્રૌઢાવસ્થામાં પહોંચેલા અને ઉંમરસહજ માંદગી ભોગવતા દવે સાહેબ મોડી રાત્રે કિશોરને પોતાના ઘરે બોલાવે છે અને કોઈ પશ્ચાતાપની ભાવના સાથે પોતે લખેલી ડાયરી કિશોરને આપી તે વાંચી જવા કહે છે. એ જ રાત્રે કિશોર એ ડાયરી વાંચવાની શરૂ કરે છે અને શરૂ થાય છે દવે સાહેબનું એક વણજોયેલું કબૂલાતનામું !

એકદમ સરેરાશ આવડત અને સામાન્ય બૌદ્ધિકતા ધરાવતા કિરણ દવે ઘણા ફાંફાઓ મારી ગણિત અને વિજ્ઞાનના શિક્ષક તરીકે એક ટ્રસ્ટ સંચાલિત શાળામાં શિક્ષક તરીકે જોડાય છે. પોતે પોતાની મર્યાદાઓથી વાકેફ હોવાં છતાં દવે સાહેબ ખૂબ જ મહત્વાકાંક્ષી છે અને આ શાળામાં પોતાનો એક્કો જમાવવાની કોશિશમાં છે.

અહીં તે એક બીજા શિક્ષકને મળે છે, જેનું નામ છે જ્યોતીન્દ્ર શાહ. શાહસાહેબ એકદમ સાદગીભર્યું જીવન જીવતા, ખૂબ વાંચતા, ખૂબ ચિંતન કરતા, ઊંડાણપૂર્વકનું જ્ઞાન અને સમજ ધરાવતા એક ઉત્તમ અને પ્રભાવશાળી શિક્ષક છે. શાળામાં તેમનો ખૂબજ દબદબો છે. જે જોઈ દવે સાહેબ તેની છૂપી ઈર્ષ્યા કરે છે અને કોઈપણ પ્રકારે તેનાથી આગળ વધવા અથવા તેને પાછળ પાડવાના અલગ અલગ પ્રયાસો કરે છે. પણ, જીવનના અંતિમ તબક્કામાં પહોંચેલા દવે સાહેબ અત્યારે ડાયરીના માધ્યમથી પોતાના શિષ્ય કિશોરને શું જણાવવા માંગતા હશે? આ ડાયરી જો દવે સાહેબનું કબુલતનામું છે તો તેઓ આ ડાયરીના અંતમાં શું કબૂલ કરશે? પોતે જેને પોતાના આદર્શ અને એક નિરાળા વ્યક્તિ માનેલા છે અને જેમની વિચારધારા અનુસરી કિશોર આટલો સફળ ડોક્ટર બન્યો છે એ દવે સાહેબ એકદમ સામાન્ય અને સાવ કનિષ્ઠ વ્યક્તિત્વ ધરાવતા હશે એ જાણી કિશોર કેવો આઘાત અનુભવશે? અને સૌથી મહત્વની વાત; આ નવલકથાનું શીર્ષક 'અંગદનો પગ' જ કેમ રાખવામાં આવ્યું?... ખેર, એ જાણવા માટે તો નવલકથા વાંચવી જ રહી.

લેખકે અહીં ડાયરીને માધ્યમ બનાવી પ્રથમ પુરુષ એકવચનમાં મુખ્ય વાર્તાનું આત્મકથાત્મક વિવરણ કર્યું છે... લેખક અહીં એટલા જાગૃત છે કે એ વાચકને દવે

સાહેબની ડાયરી વાંચવા સમયે પોતાની અંતર પણ ડોકિયું કરી લઇ જાત તપાસ કરવા પ્રેરણા આપે છે.

નવલકથામાં ઠેર ઠેર જ્યોતીન્દ્ર દ્વારા ઉચ્ચારવામાં આવેલું શિક્ષણ અને જિંદગી જીવવા અંગેનું તત્વજ્ઞાન વાચકને વિચારતો કરી મૂકે તેવું છે. આદર્શ શિક્ષક બનવા ઇચ્છતા નવી પેઢીના મિત્રો માટે જ્યોતીન્દ્રનું પાત્ર રોલ મોડેલ જેવું છે. દવેનું પાત્ર વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ ખટપટિયા અને રાજકારણી, દુષ્ટવૃત્તિ ધરાવતા શિક્ષકોથી શા માટે દૂર રહેવું જોઇએ તે સમજાવવામાં સફળ રહ્યું છે. ટ્રસ્ટી મંડળના અલ્પબુદ્ધિ ધરાવતા પ્રમુખ, સાચા શિક્ષકની પરખ ધરાવતા કિશોર જેવા વિદ્યાર્થીઓ, મહેતાજી મારે નહીં અને ભણાવે નહીં એ કહેવતને સાર્થક કરે તેવા આચાર્ય ઓઝાસાહેબ આ બધા નવલકથાના એવા પાત્રો છે જેમને મળ્યા પછી વાચકને અવશ્ય એવો વિચાર આવે કે આ સૌ પાત્રોને લઇને એકાદ સુંદર ફિલ્મ બનાવવામાં આવે તો ?

બીજા દિવસે જ્યોતીન્દ્રએ દવેને સીધું જ સંભળાવી દીધું, ‘દવે લોકપ્રિય થવા માટે તારી લીટી મોટી કર, બીજાની લીટીને નાની કરવા પ્રયત્ન ન કરે તો સારું. તેનાથી કદી પ્રગતિ થઇ શકતી નથી. લીટી નાની પણ કરી શકાતી નથી. દોસ્ત લડાઇ કરવી છે ને તો બુદ્ધિથી લડ, મજા પડશે.’

લોકડાઉનના આ સમયમાં આ પુસ્તક જો હાથવગું હોય તો વાંચી જવું.

**- વડિયા પ્રાથમિક શાળા, તા.સાયલા, જિ.સુરેન્દ્રનગર.**

પુસ્તકનું નામ : અંગદનો પગ
લેખક : શ્રી હરેશ ધોળકિયા
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,
પેજ : ૧૮૮,
કિંમત : રૂ. ૧૦૦/–

# અભિનંદન



જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) – સુરેન્દ્રનગરના **પ્રાચાર્ય સી. ટી. ટૂંડિયા**એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટમાં શિક્ષણશાસ્ત્ર ભવનના અધ્યક્ષ **ડૉ. ભરતભાઈ રામાનુજ સાહેબ**ના માર્ગદર્શન અન્વયે મહાશોધ નિબંધ 'ઉચ્ચત્તર પ્રાથમિક શિક્ષણના ગુજરાતી વિષયમાં વ્યાકરણ શિક્ષણના અધ્યાપન માટે કમ્પ્યૂટર આધારિત સામગ્રીનું નિર્માણ અને તેની અસરકારકતા' (Construction and Effectiveness of Computer Based Materials for Teaching of Gujarati Grammar at Upper Primary Education) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રજૂ કરીને 'વિદ્યાવચસ્પતિ' ની (Ph.D.) પદવી પ્રાપ્ત કરેલ છે.

---



**નામ : શ્રીમતી ગાયત્રીબહેન જીતેન્દ્રકુમાર દવે**

હોદ્દો : વ્યાખ્યાતા

સંસ્થા : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર

પીએચડી. વિષય : શિક્ષણશાસ્ત્ર

વર્ષ : ઓક્ટોબર–૨૦૧૯

શીર્ષક : A Study of Attitutde Toward Teaching Profession of Pre School Teacher

માર્ગદર્શક : ડૉ. સંગીતાબહેન શ્રીવાસ્તવ, ડીન, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, શ્રી સી.યુ.શાહ યુનિવર્સિટી, વઢવાણ

સહમાર્ગદર્શક : ડૉ. દિપ્તિબહેન કુંડલ, એસોસીયેટ પ્રોફેસર, શ્રી એમ. એમ. શાહ કૉલેજ ઓફ એજ્યુકેશન, વઢવાણ


યુનિવર્સિટી : શ્રી સી. યુ. શાહ યુવિનર્સિટી, વઢવાણ

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરેન્દ્રનગરની કેટલીક તસ્વીરો




મહાત્મા ગાંધી કુટિર

ડાયેટ – સુરેન્દ્રનગરનું VISION - MISSION






પલાશ સંપાદક મંડળની બેઠક

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી

પહાડનું બાળક, પાંચાળપુત્ર સાહિત્યયાત્રી, શબ્દનો માણીગર, લોકવિદ્યાવિદ્, બંગાળીબાબુ, નીડર પત્રકાર, ચારણી સાહિત્યનો ટપાલી, સમર્થ સાહિત્યકાર અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જન્મ ૨૮મી ઓગસ્ટ ૧૮૯૬ (વિક્રમ સંવત ૧૯૫૨ - નાગપાંચમ)ના દિવસે સુરેન્દ્રનગર જિલ્લાના પાંચાળના પહાડી કાઠીપ્રદેશના કેન્દ્રસમા ચોટીલામાં થયો હતો. તેમનું મૃત્યુ હૃદયરોગના હુમલાથી તારીખ ૯મી માર્ચ ૧૯૪૭માં થયું.

અમરેલીમાં ૧૯૧૨માં શાળાશિક્ષણ પૂર્ણ કર્યું. ૧૯૧૭માં ભાવનગરની શામળદાસ કૉલેજમાં બી.એ. થયા. ૧૯૨૨માં રાણપુરથી પ્રગટ કરવામાં આવતુ અઠવાડિક ‘સૌરાષ્ટ્ર’માં તંત્રી તરીકે કામ કર્યું. ૧૯૨૩માં સૌરાષ્ટ્રની રસધારનો પહેલો ભાગ બહાર પાડ્યો અને લેખક તરીકે વિખ્યાત થયા.

કોલકતામાં એલ્યુમિનિયમના કારખાનામાં ઊંચા પગારની નોકરી કરતા હતા. તેમનો જીવ ત્યાં બેચેન રહેતો હતો. તેઓએ તારીખ ૧૮મી સપ્ટેમ્બર ૧૯૨૧ના રોજ એક પત્ર લખ્યો, ‘‘અંધારું થઇ જાય છે. ગોધૂલિનો વખત થઇ ગયો. વગડામાંથી પશુઓ પાછાં આવે છે. એના કંઠની ટોકરીનો અવાજ કાને પડે છે. મંદિરમાં ઝાલર વાગે છે. હું પણ પાછો આવું છું, ધરાઇને પાછો આવું છું ! જીવનની આ ગોધૂલિના સમયે, અંધકાર અને પ્રકાશની મારામારીના વખતે, મારો ગોવાળ મને બોલાવી રહ્યો છે. હું રસ્તો નહીં ભૂલું. એના સાદને બરાબર ઓળખં છું. વધું શું લખું ? લિખિતંગ હું આવું છું.’’

શૂરવીરતા, બલિદાન અને સમર્પણની કથાઓના સંશોધન માટે મેઘાણીએ ખૂબ વિચરણ કરેલું. મેઘાણીએ ગીરના જંગલો, ગિરિશૃંગમાલા, કંદરાઓ, નદી-સરોવર, ડુંગરાઓમાં જઇને માનવજીવનને પ્રકાશિત કર્યો છે. ગામને પાધરે ઊભેલા પાળિયાની ગાથાઓ તેમણે એકત્રિત કરી છે. જેમણે લોકકંઠે ગવાતા ભજનો, લોકગીતો, સંતોની વાણી, લગ્નગીતો, ઋતુગીતો, રાસ-રાસડા, દુહા-છંદ-સોરઠા, હાલરડાં, કુરબાનીની કથાઓ, નાટ્યાનુવાદ, બહારવટિયાની કથાઓ, નવલકથા અને નવલિકાઓ, ચરિત્રાત્મક નિબંધો - પ્રસંગ ચિત્રો અને લોકસાહિત્યની અમૂલ્ય ભેટ ગુજરાતી સાહિત્યને અર્પણ કરી છે.

કવિ દુલા ભાયા કાગ (ભગતબાપુ)એ તેમના ખરખરે ગયા ત્યારે દુહાઓ બોલ્યાં હતા કે...
‘લેખક સઘળા લોકની, ટાંકું તોળાણી; (એમાં) વધી તોલે વાણિયા, તારી લેખણ મેઘાણી.’’
‘હાથ વખાણાં હોય, (કે) વખાણું દિલ વાણિયા ? કલમ વખાણું કોય, (કે) તારી જીભ વખાણું ઝવેરચંદ.’

- ડૉ. સી. ટી. ટુંડિયા

બુક-પોસ્ટ

To ______________________

______________________

______________________

**રવાના :**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**સુરેન્દ્રનગર**

મુદ્રક : ઝબ્મા એન્ટરપ્રાઇઝ, સુરેન્દ્રનગર. (કુલ પેજ-૨૪)